C.C.No.1429/2023

GJLV020017342023

રજૂ તારીખ	:	૦૬/૦૪/૨૦૨૩
દાખલ તારીખ	:	૦૬/૦૪/૨૦૨૩
ફેસલ તારીખ	:	૦૮/૦૮/૨૦૨૬
સમય ગાળો	:	વર્ષ માસ દિવસ ૦૩ ૦૨ ૦૭

મહીસાગરના મે.એડી.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લુણાવાડા

ફોજદારી કેસ નં.૧૪૨૯/૨૦૨૩

આંક :-

ફરિયાદી :- શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કં.લી.ના અધિકૃત વ્યકિત,
દીપેનકુમાર દીપકભાઈ દવે, ઉ.વ.૩૩, ધંધો-નોકરી,
રહે.લીલાવતી હોસ્પિટલ સામે,
બીજો માળ,મહેતા કોમ્પ્લેક્ષ,
લુણાવાડા, જી.મહીસાગર.

વિરુધ્ધ

આરોપી :- ધુળાભાઈ સાંકળભાઈ પગી,
રહે.નવા મુવાડા, પો.હાથીવન,
તા.લુણાવાડા, જી.મહીસાગર.

ગુનો :- ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ

ફરિયાદપક્ષે વિ.વ.શ્રી	:-	એન.એચ.પ્રજાપતિ
બચાવપક્ષે વિ.વ.શ્રી	:-	જે.એસ.પંડયા

-: જજમેન્ટ :-

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફરીયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કં.લી. એ પબ્લિક લીમીટેડ કંપની છે. તેઓની બ્રાન્ચ ઓફીસ લુણાવાડા મુકામે બીજો માળ, મહેતા કોમ્પ્લેક્ષ, કોર્પોરેશન બેન્કની ઉપર, લીલાવતી હોસ્પીટલ સામે આવેલ છે અને તેઓની મુખ્ય રજીસ્ટર્ડ ઓફીસ ત્રીજો માળ, મુકબીકા કોમ્પ્લેક્ષ નં.૪, લેડી ડેસીકા રોડ માપ લાપોર, ચેન્નઈ, તામીલનાડુ–૬૦૦૦૦૪ મુકામે આવેલ છે. આ કામના ફરીયાદીને શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપનીને સદર કામના આરોપી સામે ફરીયાદ કરવા સારૂ અધિકારપત્ર આપેલ છે.

(૧.૧)આ કામના આરોપીને તેમના વાહન APE PICK UP પર લોનની જરૂરીયાત પડતા તેઓએ ફરિયાદી કંપનીનો સં પર્ક સાધેલ અને તમામ શરતો પાલન કરવા માટેની ખાત્રી આપેલ. જેથી આ કામના ફરીયાદી કંપની અને આ કામના આરોપી વચ્ચે લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ પણ થયેલ. જેનો નંબર LUNWD0502130001 છે. આ એગ્રીમેન્ટમાં આ કામના આરોપીએ તથા તેઓના ગેરંટરે જરૂરી સહીઓ કરી આપેલ અને આ કામના ફરિયાદીને તમામ શરતોનુ પાલન કરવાની પાકકી ખાતરી અને બાહેંધરી આપેલ. જેથી આ કામના ફરીયાદીએ આરોપીને તેમના વાહન રજીસ્ટર્ડ નં. જી.જે.–૧૭–ટીટી–૮૭૭૨ પર રૂા. ૧,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર પુરા)ની લોન આપેલ. સદર લોનની

વ્યાજ સહિતની રકમ નિયમિત રીતે હપ્તાથી ચુકતે કરવાની આ કામના આરોપીએ ફરીયાદીને ખાતરી અને બાંહેધરી આપેલી.

(૧.૩) આ કામના ફરિયાદી પાસેથી આ કામના આરોપીએ લીધેલ આ લોનની બાકી લેણી રકમની ફરીયાદી કંપનીમાંથી આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપીએ ફરીયાદી કંપનીમાં આવી લોનના હપ્તા તથા ચઢેલ બાકી રકમ ચુકવવા માટે આરોપીએ કેનેરા બેન્ક, લુણાવાડા શાખાના ખાતાનો ચેક નં.૪૩૩૪૪૧ તારીખ : ૧૨/૦૧/૨૦૨૩ નો રૂા.૧ ,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર પુરા)નો આ કામના આરોપીએ કંપનીના અધિકારીઓ રૂબરૂ સહી કરી આપેલો. ત્યારબાદ સદરહુ ચેક ફરીયાદી કંપની દવારા એચ.ડી.એફ.સી. બેંક લી., સી.એમ.એસ. લુણાવાડા શાખામાં તારીખ :૧૨/૦૧/૨૦૨૩ ના રોજ સદરહુ ચેક રજુ કરતા ચેક વગર સ્વીકારાયે ''F001-ACCOUNT FREEZED/BLOCKED" ના શેરા સાથે તારીખ :૧૩/૦૧ /૨૦૨૩ ના રોજ પરત ફરેલ અને ચેકમાં લખેલ નાણાં ફરિયાદીને મળેલ નથી.

(૧.૪) જેથી આ કામના ફરિયાદીએ સદરહુ ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને તેઓના વિ. વકીલશ્રી મારફતે તારીખ : ૦૮/૦૨/૨૦૨૩ ના રોજ રજી.પોસ્ટ એ.ડી.થી મોકલાવેલ. જે નોટીસ આ કામના આરોપીને તારીખ : ૦૯/૦૨/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકના નાણાં

ચુકવેલ ન હોઈ તેમજ જવાબ પણ આપેલ ન હોઈ જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ફરિયાદી ધ્વારા લેખિત ફરિયાદ રજુ થતા આ કામનાં આરોપી વિરૂધ્ધની ફરિયાદ પ્રથમ દર્શનીય જણાતા અદાલતે ગુનાનું સંજ્ઞાન લઈ ફોજદારી કાર્યરીતી સંહિતની કલમ–૨૦૪ હેઠળ સમન્સ કાઢવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામનાં આરોપીને કોર્ટના હુકમ મુજબ પ્રોસેસની બજવણી થતા અદાલત સમક્ષ હાજર થતા, તેઓને ફરીયાદ અને તેની સાથે દસ્તાવેજી પુરાવાઓની નકલો વિનામુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આ કામના આરોપીની આંક–૧૨ થી ગુના સંબંધેનું નિવેદન નોંધવામાં આવતા તેઓએ તેમની સામેનાં ગુનાનો ઈન્કાર કરી, તેઓને ગુનો કબુલ નથી તેઓ બચાવ કરવા માંગતા હોઈ. તેઓની સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક પુરાવાઓ</u> :–

આંક–૦૪	ફરીયાદી : દીપેનકુમાર દીપકભાઈ દવેનું સરતપાસનુ સોગંદનામું.	ફરીયાદી

<u>દસ્તાવેજી પુરાવાઓ</u> :–

આંક –૧૭	અસલ ચેક

આંક –૧૮	અસલ રીટર્ન મેમો
આંક –૧૯	નોટીસની સ્થળપ્રત
આંક –૨૦	અસલ પોસ્ટખાતાની રસીદ
આંક–૨૧	ટ્રેક કન્સાઈન્મેનટ લેટર
આંક–૩૧	લોન એપ્લીકેશન ફોર્મ
આંક–૩૨	લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ
આંક–૩૩	આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ
આંક–૩૪	પાવર ઓફ એટર્ની
આંક–૩૫	ઓથોરીટી લેટર
આંક–૫૬	એકનોલેજમેન્ટ

(૫) આ કામે ફરીયાદ પક્ષ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક–૫૭ થી જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો. આ કામે બચાવ પક્ષે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

(૬) આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે તેમજ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનુ તેમજ બચાવમાં સાહેદ તપાસવા માંગતા ન હોવાનુ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છે. અમારા પર ખોટી ફરીયાદ કરી ખોટી રીતે અમોને ફસાવવામાં આવેલ છે ફરીયાદી કંપનીએ વાહન જ

પ્ત કરી દીધેલ છે અને હાલની આ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.

(૭) આ કામે પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી જે પુરાવાના મુલ્યાંકનમાં સમાવેશ કરેલ હોવાથી પુનરાવર્તન કરેલ નથી.

(૮) આ કામે પક્ષકારોની દલીલો તથા રજુ થયેલ પુરાવા ઘ્યાને લીધા બાદ મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલો તે ચેક ફરીયાદીએ આરોપી ની સુચના મુજબ નિયત સમયમાં ફરીયાદીએ પોતાની બેંકમાં વટાવવા માટે રજુ કરતાં તે ચેક સ્વિકાર્યા વગર ''F001-ACCOUNT FREEZED/BLOCKED ''ની લ ેખિત નોટીસ સમય મર્યાદામાં આરોપીને આપેલી, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપી એ ફરીયાદીને ફરીયાદવાળા ચેકના નાણાં ચુકવવામાં કસુર કરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે?

મુદ્દા નં.૨ :   શુ હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે :

મુદ્દા નં.૧   :   નકારમાં.

મુદ્દા નં.૨   :   આખરી હુકમ મુજબ.

-// <u>કારણો</u> //-

મુદ્દા નં. ૧ :

(૧૦) સદરહું કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ ના આવશ્યક તત્વો.</u>

૧. આરોપી ધ્વારા તેમના ખાતામાંથી લખવામાં આવેલ ચેક ફરીચાદીને નાણાં ચુકવવા આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ.

૩. ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ (છ) માસમાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા હોય તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ વિગેરેના કારણે પરત ફરેલ.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ.

૬. તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય

મર્યાદામાં ચુકવી આપેલ નથી.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ ધ્યાને લઈએ તો,</u>

<u>વટાઉખત વિશે માની લેવાની બાબત</u>...

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

૧. **<u>અવેજ વિશે :–</u>**

દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો તે વટાવવામાં આવું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યું હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યું હતું.

૨. **<u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આ પ્યું અથવા લખી આપ્યું હતું.

૩. **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વિકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વિકારવામાં આવ્યું હતુ.

૪. **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

૫. **<u>શેરાઓનાં ક્રમ વિશે :–</u>**

કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

૬. **<u>સ્ટેમ્પ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમેસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલ હતો.

૭. **<u>ધારક થયાક્રમ ધારક છે એમ માની લેવામાં વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે. પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજ ને બદલે મેળવવામાં આવ્યું હોય, ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ ધ્યાને લઈએ તો,

ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :

વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણકરનારે તે ચેક કલમ– ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાનાં અથવા અન્ય જવાબદારીનાં પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજો મુકત થવાનાં બદલામાં તે ચેક મેળવ્યો હશે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૪૬ ધ્યાને લઈએ તો,

બેન્ક સ્લીપની કેટલીક હકીકતો અંગે પ્રથમદશર્નીય પુરાવો હોવા બાબત :

જયાં સુધી નાસાબિત ન થાય ત્યાં સુધી સદર હું કાયદાના પ્રકરણ–૧૭ હેઠળની કાર્યવાહીના સંબંધમાં બેન્ક સ્લીપ અથવા ચેકોનો અસ્વીકાર કરવામાં આવ્યો હોય તેવા કાયદેસરના શેરાવાળા મેમાથી ચેકનો અસ્વીકાર થયાની હકીકતો માની લેવામાં આવશે.

(૧૧) ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો(Burden of Proof) હંમેશા ફરીયાદપક્ષ પર રહેલ છે પરંતુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ– ૧૧૮ તેમજ કલમ– ૧૩૯ ધ્યાને લેતા ફરીયાદીની

હકીકતનુ ખંડ થાય તેવો પુરાવો રજુ કરવાની જવાબદારી (Onus Of Proof) બચાવ પક્ષ પર રહેલ છે. બચાવ પક્ષે ફરીયાદીની હકીકતનો ખંડનાત્મક પુરાવો રજુ કરતી વખતે ફરીયાદી પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા જે પુરાવાની ગ્રેવીટીની આવશ્યકતા છે તેટલી જ ગ્રેવીટીવાળા પુરાવાની બચાવ પક્ષે કાયદામાં રહેલા અનુમાનનું ખંડ કરવા માટે પુરાવો આપવો જરૂરી નથી. આવો પુરાવો બચાવ પક્ષે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ના આધાર પર આપવાનો હોય છે. જો બચાવ પક્ષ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં કસુર કરે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ની કલમ- ૧૧૮ તેમજ કલમ- ૧૩૯ મુજબ ફરીયાદીની તર્ફેણમાં અનુમાન કરવાનું રહેશે.

(૧૨) આ કામના ફરીયાદ પક્ષની દલીલ છે કે આ કામે રજુ કરેલા દસ્તાવેજોથી આ કામના આરોપીએ ફરીયાદી કંપની પાસેથી લોન લીધેલ છે તે હકીકત પુરવાર કરેલ છે જયારે બચાવપક્ષની દલીલ છે કે આ કામના આરોપીએ લીધેલ લોનના હપ્તા ભરવામાં કસુર કરતા જે વાહન પૈકી લોન લેવામાં આવેલી તે વાહન ફરીયાદી કંપનીએ કબજે કરેલ છે અને કાયદેસરનુ લેણુ ન હોવા છતા ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. જેની વિચારણા કરવામાં આવે તો આ કામે આંક-૦૪ થી ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના

આરોપીએ લીધેલી લોનના હપ્તા ભરવામાં કસુર કરતા જે વાહન પૈકી લોન મેળવવામાં આવેલી તે વાહન તેઓએ કબજે કરેલ છે. વધુમાં આ કામે ફરીયાદીએ આંક– ૩૨ થી રજુ કરેલ લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ ફરીયાદી કંપની પાસેથી ૧,૬૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ સાઈઠ હજાર પુરા) ની લોન લીધેલાની હકીકત પુરવાર થાય છે જેથી આ કામના આરોપીએ ફરીયાદી કંપની પાસેથી લોન લીધેલાની હકીકત પુરવાર થાય છે.

(૧૩) આ કામના બચાવપક્ષની દલીલ છે કે, ફરીયાદીએ આંક– ૩૩ થી રજુ કરેલ બેન્ક સ્ટેટમેન્ટ ઈલેકટ્રોનીક એવીડનસ છે પરંતુ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ– ૬૫બી મુજબનું પ્રમાણપત્ર રજુ કરેલ નથી જેથી વંચાણે લઈ શકાય નહી તેમ કહી તેમણે તેમના સમર્થનમાં નામદાર HIGH COURT OF JUDICATURE FOR RAJASTHAN AT JODHPUR નામદાર અદાલતના ***Ramkaran S/o Shri Bhagu Ram, VERSUS 1. State Of Rajasthan*** ના ચુકાદાને રજુ રાખેલ છે. ફરીયાદપક્ષની દલીલ છે કે, રજુ સ્ટેટમેન્ટમાં સહી સીકકા હોઈ વંચાણે લઈ શકાય. જેની વિચારણા કરવામાં આવે તો બચાવપક્ષે રજુ રાખેલ નામદાર ***HIGH COURT OF JUDICATURE FOR RAJASTHAN AT JODHPUR*** નામદાર અદાલતના ***Ramkaran S/o Shri Bhagu Ram, VERSUS 1. State Of Rajasthan*** ના ચુકાદાને ધ્યાને લેતા, ***''Moreover, the act of assigning an exhibit or a mark to a document is a ministerial function meant to identify the***

document presented before the court.Whether a document is assigned an exibit or a mark at the time of recording evidence is immaterial. Even if a document is assigned an exhibit but later found not to be duly proved in accordance with the law or is otherwise inadmissible, the petitioner can seek its exclusion at the appropriate stage. Conversely, if a document initially marked is later proved according to the law and deemed admissible, the concerned party can request the court to consider it at the appropriate time.

આમ, નામદાર વડી અદાલતના ચુકાદાને ઘ્યાને લેતા એકઝીબીટ થયેલ દસ્તાવેજને મીનીસ્ટીરીયલ ફંકશન ગણાવેલ છે પરંતુ હાલના કેસમાં આંક–૩૩ થી બેન્ક સ્ટેટમેન્ટ ફરીયાદીએ રજુ રાખેલ છે જેમાં સહી તેમજ સીકકા છે જેથી ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ– ૬૫બી મુજબનું પ્રમાણપત્ર રજુ કરવાની જરૂર ન હોય જેથી પુરાવમાં વં ચાણે લઈ શકાય .જેથી બચાવપક્ષે રજુ કરેલ ચુકાદો હાલના કેસને લાગુ પડતુ નથી.

(૧૪) આ કામના બચાવપક્ષની દલીલ છે કે, ફરીયાદીએ આરોપીને રૂા.૧,૬૦,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ સાઈઠ હજાર પુરા) ની તારીખ : ૧૩/૦૨/૨૦૧૫ ના રોજ લોન આપેલી જે ૩૬ હપ્તે ભરપાઈ કરવાની હતી. વઘુમાં આ કામે આંક–૫૬ થી રજુ કરેલ એકનોલેઝમેન્ટ તારીખ : ૧ ૦/૧૨/૨૦૨૨ ના રોજ કરેલ હોઈ જે સમયમર્યાદામાં ન હોઈ નવેસરથી સમયમર્યદા શરૂ થતી નથી. જેથી કાયદેસરનું લેણુ કહી શકાય નહી જેથી ફરીયાદી આરોપી પાસેથી કાયદેસરના લ

ેણા પેટે હાલનો ચેક રજુ કરેલ છે તેમ કહી શકાય નહી તેમજ તેમણે તેમના સમર્થનમાં નામદાર ગુજરાત વડી અદાલતના *PUKHRAJ GANESHRAM SHARMA Versus STATE OF GUJARAT & ANR. R/CRIMINAL APPEAL (AGAINST ACQUITTAL) NO. 745 of 2022 With R/CRIMINAL MISC.APPLICATION NO. 7078 of 2022 In R/CRIMINAL APPEAL NO. 745 of 2022* ના ચુકાદાને રજુ રાખેલ છે. ફરીયાદ પક્ષની દલીલ છે કે, તારીખ : ૧૦/૧૨/૨૦૨૨ ના રોજ આ કામના આરોપીએ એકનોલેજમેન્ટ કરી આપેલ હોવાથી તે તારીખથી જેથી ભારતીય પુરાવ અધિનિયમ, ૧૮૭૨ ની કલમ– ૧૯ મુજબ તે તારીખથી ફરીથી સમયમાર્યાદા ગણવાની રહે તેમજ હાલની ફરીયાદ તારીખ : ૦૬/૦૪/૨૦૨૨ ના રોજ રજુ થયેલ હોઈ હાલની ફરીયાદ ૩ (ત્રણ) વર્ષની સમયમાર્યાદા રજુ થયેલ છે. વધુમાં આ કામના બચાવપક્ષે રજુ થયેલ નામદાર ગુજરાત વડીઅદાલતાના *PUKHRAJ GANESHRAM SHARMA Versus STATE OF GUJARAT & ANR. R/CRIMINAL APPEAL (AGAINST ACQUITTAL)NO. 745 of 2022 With R/CRIMINAL MISC. APPLICATION NO. 7078 of 2022 In R/CRIMINAL APPEAL NO. 745 of 2022* ના ચુકાદમાં ઠરાવેલ છે કે,

> *17. In the opinion of this Court, though there have been various instances where different courts, including the Supreme Court of India, have interpreted the provisions of time-barred debts in relation to the limitation period differently and in contrast to each other, **no contradictory view taken by the Hon'ble Supreme Court as against the decision in the case of Sasseriyil Joseph (Supra), declaring the law that time barred debt***

cannot be said to be legally enforceable debt**, has been placed on record. I am of the view that for invoking provision of **Section 25(3) of the Contract Act there has to be a promise reduced in writing and signed by the person or their authorized representative. Unless there is specific distinct contractual agreement executed between the parties, mere writing, signing and delivery of cheque by itself, in absence of any evidence, acknowledging the debt during the period of limitation, would not give fresh life of limitation so as to include in the category of "legally enforceable debt" as it appears in the explanation appended to Section 138 of the Negotiable Instruments Act.

*18. Applying the aforesaid principle in the facts of the present Case, indisputably the transaction in question of extending hand loan of an amount of Rs.6,78,000/- to the respondent accused as contended by the original complainant **relates to the year 2010 to 2012, the disputed cheque is alleged to have been drawn in the name of original complainant on 19.04.2018 towards the aforesaid outstanding amount which is beyond the prescribed period of limitation of three years as provided under Section 19 of the Limitation Act.** As rightly observed by the learned Magistrate, no evidence has been adduced on record by the original complainant to establish that the debt was acknowledged at any stage during the aforesaid period of three years of limitation. **Hence, the period of limitation for recovery of such amount by filing suit in terms of Section 19 of the Limitation Act expired wayback in the year 2015,** whereas the cheque in question is alleged to have been drawn in favour of the complainant on 19.04.2018, which is beyond the period*

of three years limitation. Under the circumstances, the cheque cannot be said to have been issued for discharge of legally enforceable debt so as to attract the offence punishable under Section 138 of the Negotiable Instruments Act. In the opinion of this Court, no arguable case is raised by the complainant to grant leave to appeal. Hence, this application seeking leave to appeal against the impugned judgment and order of acquittal is refused. Consequently the appeal fails. Notice stands discharged.

હાલના કેસમાં આંક– ૦૪ થી ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા આંક–૩૩ વાળો દસ્તાવેજ જોઈને જણાવેલ છે કે, આરોપીએ તારીખ : ૧૩/૦૨/૨૦૧૫ ના રોજ લોન લીધેલાનું જણાવેલ છે. તેમજ તેમણે વધુમાં જણાવેલ છે કે, આંક–૩૩ વાળા દસ્તાવેજ મુજબ આરોપીએ કુલ રૂ.૧,૬૦,૦૦૦/– ની લોન ૩૬ હપ્તેથી ભરપાઈ કરવા લીધેલી. આ કામે આંક–૩૩ થી સ્ટેટમેન્ટ ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપીએ ફરીયાદી કંપની પાસેથી તારીખ :૧૩/૧૨/૨૦૧૫ ના રોજ લોન લીધેલાની હકીકત જણાઈ આવે છે. વધુમાં આ કામે આંક–૩૨ થી હાઈપોથીકેશન એગ્રીમેન્ટ ધ્યાને લેવામાં આવે તો ૩૬ હ પ્તે લોન લીધેલાનુ જણાઈ આવે છે. જેથી લોન લીધા તારીખ :૧૩/૧૨/૨૦૧૫ થી સમયમર્યાદાની ગણતરી કરવામાં આવે તો તારીખ : ૧૨/૧૨/૨૦૧૮ ના રોજ પુર્ણ થાય જયારે આ કામે આંક–૫૬ થી રજુ કરવામાં આવેલ એકનોલ

ેજમેન્ટ તારીખ : ૧૦/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ હોઈ ૩(ત્રણ)વર્ષની સમયમર્યાદામાં થયેલ નથી જેથી ઠરાવેલ સમય નવેસરથી શરૂ થતો નથી. હાલની ફરીયાદ તારીખ : ૦૬/૦૪/૨૦૨૨ ના રોજ રજુ થયેલ છે જેથી તારીખ : ૧૩/૧૨/૨૦૧૫ થી સમયમર્યાદા ગણવામાં આવે તો હાલની આ ફરીયાદ સમયમર્યાદામાં રજુ થયેલ ન હોઈ આ કામના ફરીયાદીને આરોપી પાસેથી કાયદેસરના લેણા પેટે હાલનો ચેક રજુ કરેલ છે તેમ કહી શકાય નહી.

(૧૫) આ કામના ફરીયાદીએ આંક-૦૪ થી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૪૫ મુજબ સોગંદનામા પર સરતપાસ રજુ કરેલ છે. ફરીયાદીએ તેમના સમર્થનમાં આંક-૧૭ વાળો તકરારી ચેક ફરીયાદી એ પોતાના બેન્ક માં વટાવવા માટે રજુ કરતાં તે ચેક તારીખ : ૧૩/૦૧/૨૦૨૩ ના રોજ ''F001-ACCOUNT FREEZED/BLOCKED " શેરા સાથે પરત ફરેલ છે જે આંક-૧૮ વાળા રીર્ટન મેમા ઉપરથી જણાઈ આવે છે. સદર ચેક પરત ફર્યા બાદ ફરીયાદીએ આરોપીને તેમના સરનામે આંક-૧૯ વાળી કાયદેસરની લેખિત નોટીસ આ કામના આરોપીને તારીખ : ૦૮/૦૨/૨૦૨૩ ના રોજ મોકલેલ છે જે આંક-૨૦ વાળી પોસ્ટ ખાતાની પાવતી ઉપરથી પુરવાર થાય છે. તથા આરોપીને આપેલ લેખિત નોટીસ આરોપીને તારીખ : ૦૯/૦૨/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે જે આંક-૨૧ થી પોસ્ટ

ખાતાના ટ્રેક કન્સાઈન્ટમેન્ટ વાળા દસ્તાવેજથી પુરવાર થાય છે.પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આ કામના આરોપી પાસેથી કાયદેસરના લેણા પેટે તકરારી ચેક રજુ કરેલાની હકીકત પુરવાર કરેલ ન હોય ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ ગુનાના તમામ તત્વો પુરવાર થતા નથી.

(૧૬) આમ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ– ૧૩૮ મુજબના ગુનાના તમામ તત્વો પુરવાર થતા ન હોઈ તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ તેમજ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવામાં બચાવ પક્ષ સફળ રહયા હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// હુકમ//

(૧) આ કામના આરોપી ધુળાભાઈ સાંકળભાઈ પગી, રહે.નવા મુવાડા,પો.હાથીવન,તા.લુણાવાડા,જી.મહીસાગર નાઓને ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૨૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) અન્વયે રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપીયા દસ

હજાર પુરા) ના અપીલ સમય સુધીના જાત મુચરકા તથા તેટલી રકમના સધ્ધર જામીન રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. : લુણાવાડા
તારીખ : ૦૮/૦૮/૨૦૨૬

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
એડી.જ્યુડી.મેજી.ફ.ક.,
લુણાવાડા, જી.મહીસાગર